**આંક ૧૫ નીચે વાદીની સીવીલ પ્રોસીજર કોડ કલમ ૧૫૧ નીચે અપાયેલ અરજી હેઠળનો હુકમ.**

(૧) વાદીએ હાલની અરજી સીવીલ પ્રોસીજર કોડ કલમ ૧૫૧ નીચે આપેલ છે. અરજીની મુખ્ય હકીકત એવી છે કે વાદીએ પ્રતીવાદીઓ સામે રજીસ્ટર્ડ કરારના વિશીષ્ટ પાલન અંગે તેમજ વિજ્ઞાપન તેમજ કાયમી મનાઈહુકમ મેળવવાની દાદ સાથેનો દાવો કરેલ છે જે દાવો દાખલ થયા બાદ સમંસ નોટીસ ઈશ્યુ થયા બાદ પ્રતીવાદીઓ પૈકી પ્રતીવાદી નં. ૨, ૩/૧ તથા ૩/૨ હાજર થયેલ છે અને કોર્ટની નોટીસ મળવા છતા કાયદેસરની કોર્ટ પ્રક્રિયાને અવગણીને વાદીના લીગલ રાઈટને નુકશાન કરવાના હેતુથી મીલકતના રેવન્યુ રેકર્ડમાં એટલે કે ગામ નમુના નં. ૬ હકકપત્રકે માત્ર પ્રતીવાદી નં. ૩/૨ ના નામની એન્ટ્રી તા. ૪/૮/૨૦૨૦ના રોજ કરાવેલ છે અને તે આધારે સદર પ્રતીવાદી મીલકતનું વેચાણ કરી નાખે તો વાદીના દાવાનો કોઈ હેતું રહે નહી અને મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થાય તેમ હોય તેમજ વચગાળાની મનાઈહુકમની અરજીની સુનાવણી થતા સમય લાગે તે હોય દાવાના કામે પ્રતીવાદી નં. ૨, ૩/૧ તથા ૩/૨ હાજર થયેલ છે વકિલ રોકી તેઓ મારફતે જવાબ રજુ થયેલ હોય પ્રતીવાદી નં. ૩/૨ ના નામે રેવન્યુ એન્ટ્રી થતા તેઓ સામેની જ હાલની અરજીમાં દાદ હોય વચગાળાની આંક ૫ ની મનાઈહુકમની અરજીની સુનાવણી થતા સુધી તકરારી મીલકતની યથાવત પરીસ્થિતી પ્રતીવાદીઓ જાળવી રાખે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) અરજી લગત એપીયર થયેલ પ્રતીવાદીઓના વિ. વ. શ્રી વી.એચ. કનારા તેમજ વિ. વ. શ્રી પી. એસ. રાવળ અને વાદી તરફે વિ. વ. શ્રી પરેશભાઈ બુચને વીડીયો કોન્ફરન્સના માધ્યમથી આ અરજી લગત સાંભળ્યા.

(૩) અત્રે એ નોંધવુ જરૂરી છે કે દાવાના કામે પક્ષકારોને સમંસ નોટીસ ઈશ્યુ થતા પ્રતીવાદી નં. ૧ મરણ ગયેલાનો શેરો છે તેમજ પ્રતીવાદી નં. ૩/૩ અને ૩/૪ સમંસમાં જણાવેલ સરનામે નહી પરંતુ સાસરીમાં રહે છે તેવા શેરા આવેલ છે. પ્રતીવાદી નં. ૪, ૫ જોકે વાદીએ ફોર્મલ જોડેલ છે તેમ છતા તેઓને બજે કે વગર બજે સમંસ પરત થયેલ નથી.

(૪) વાદી તરફે દાવા અને અરજીની મુખ્ય હકીકત મુજબ જણાવેલ છે કે તેઓએ દાવાવાળી જમીન કે જે શીવરાજપુર ગામના જુના રે.સ.નં. ૬ જેના નવા નં. રે.સ.નં. ૨૪ પડેલ છે તેની અંદાજે હે.આરે.ચો.મી. ૫–૦૧ –૮૩ વાળી ખેતીની જમીનનો વેચાણનો કરાર પ્રથમ તા. ૨૦/૮/૦૭ના રોજ પ્રતીવાદી નં. ૧ તથા ૨ અને ગુજરનાર નં. ૩ ના વારસો જોડે કરેલ હતો તેમજ એક એકરના રૂા. ૨૨,૦૦૦/– ગણી વેચાણ અવેજ પેટે રૂા. ૪૦,૦૦૦/– પુરા રોકડા ચુકવેલ હતા. બાદમાં તા. ૨૯/૨/૦૮ના રોજ સદર વેચનારાઓ જોડે રજીસ્ટર્ડ વેચાણ કરાર સબ રજીસ્ટ્રારશ્રી કલ્યાણપુર સમક્ષ નોંધણી કરાવેલ હતો. ઉકત વેચાણ કરારમાં એવી શરત મુકેલ હતી કે વેચાણ થનાર મીલકત રેવન્યુ દફતરે એ.સી.સી. કંપનીના નામે ચાલતી હોય અને સદર કંપની પાસે આ મીલકત લીઝથી ગયેલ હોય પરંતુ રેવન્યુ દફતરે પ્રથમ હકકમાં સદર મીલકત કંપનીના નામે ચાલતી હોય વેચનારનું નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયે ટાઈટલ કલીયર થયે દીન ૩૦ માં સદર મીલકત જોગનો વાદીના નામનો રજી. વેચાણ દસ્તાવેજ પ્ર તીવાદીઓએ કરી આપવાનો હતો. વાદી વીશેષમાં રજુઆત કરે છે કે તકરારી મીલકત ગુ. હહુ હરીયાના નામે રેવન્યુ રેકર્ડમાં તા. ૫/૬/૨૦૨૦ના ચડી જવા છતા અને ટાઈટલ કલીયર થઈ જવા છતા પ્રતીવાદીઓએ વાદી જોગ દીન ૩૦માં વેચાણ દસ્તાવેજ કરી આપવાનો હતો તે ન કરી આપી કરારનો

ભંગ કરેલ હોય મીલકતનો ભાવ વધી જવાથી તેઓનો ઈરાદો બદલાયેલ હોવાથી વાદીને કરાર પાલનનો દાવો લાવવા ફરજ પડેલ છે. વાદી વીશેષમાં જણાવે છે કે વાદીએ સમયમર્યાદામાં દાવો કરેલ છે કારણ કે લીમીટેશન એકટ આર્ટીકલ ૪૫ મુજબ હાલનો દાવો સમયમર્યાદામાં છે તેમજ હાજર થયેલ પ્રતીવાદીઓ તરફે રજુ જવાબની હકીકતો નકારી હાલની અરજી મંજુર થવા રજુઆત કરે છે.

(૫) પ્રતીવાદીઓ તરફે આંક ૨૧ થી પ્રતીવાદી નં. ૨ તથા ૩/૧ અને આંક ૨૩ થી પ્રતીવાદી નં. ૩/૨ નાઓએ જવાબ રજુ કરેલ છે. સદર અરજી સબંધે પ્ર તીવાદીઓના વિ. વ. શ્રી કનારા તથા વિ. વ. શ્રી રાવલની દલીલનો મુખ્ય સારાંશ જોઈએ તો એવી તકરાર લીધેલ છે કે કહેવાતો વાદીનો કરાર તેઓ રેવન્યુ પ્રેકટીશનર હોય પ્રતીવાદી અભણ નીરક્ષર માણસો હોય તેમની જમીનના રેવન્યુ રેકર્ડમાં પ્રથમ હકકમાં લીઝ હોલ્ડર કંપનીના નામની જગ્યાએ તેઓના નામ દાખલ કરવા વાદીએ તેઓ પાસેથી વકીલફી ઉઘરાવી તેઓનુ કામ ન કરી છેતરપીંડી અને વીશ્વાસઘાત કરી કહેવાતા ખોટા દસ્તાવેજ કરાવી લીધેલ છે અને આ પ્રકારે પ્રતીવાદીઓ સીવાય અન્ય ઈશમો સાથે પણ વાદીએ આ પ્રકારની મોડસ ઓપરેન્ડીથી મીલકતોના દસ્તાવેજો ખોટા ઉભા કરેલ છે. પ્રતીવાદીઓને આ હકીકતની જાણ વાદીએ દીવ્ય ભાસ્કર દૈનીકપત્રમાં જાહેર નોટીસ કમ ચેતવણી આપતા અને મીલકતના દસ્તાવેજોની શોધખોળ થવાથી થયેલ જેથી તેઓએ વાદી સામે ફોજદારી ફરીયાદ દાખલ કરાવેલ છે અને તે અંગે એફ.આઈ.આર. રજીસ્ટર્ડ થતા વાદીએ પોતાનો બચાવ ઉભો કરવા અને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કવોસીંગ માટે કારણ ઉભુ કરવા હાલનો દાવો કરી અદાલતનો સ્ટેટસ કોનો હુકમ વાદીની તરફેણમાં કરે તો તે રજુ કરવાનો મલીન ઈરાદાથી દાવો ફાઈલ

કરેલ છે. વાદી કહેવાતી જગ્યાએ ગયેલ નથી કે તેઓનો કહેવાતી જગ્યા પરનો કબજો નથી. વાદીએ પ્રતીવાદીઓ સાથે કરેલ કરારમાં રજીસ્ટર્ડ અને અનરજીસ્ટર્ડ કરારમાં એક એકર મીલકતની કીંમત આકારેલ છે તે રકમ અલગ અલગ છે. વાદીએ કરારના પુરા પક્ષકારોને દાવામાં જોડેલ નથી. દાવો દાખલ કર્યા બાદ નોટીસનો હુકમ થયેલ હોય તે સંજોગોમાં તમામ પ્ર તીવાદીઓને જોડયા વગર વાદીની અરજી મંજુર કરવામાં આવે તો કુદરતી ન્યાયના સીધ્ધાંતનો ભંગ થાય તેમ છે. વીશેષમાં તેમની દલીલમાં ૧૯૯૯ જી.એલ.એચ. પાના નં. ૨૩ નો ચુકાદો ડીલે સંબંધી ટાંકે છે.

વાદી તરફે દલીલમાં વિ. વ. શ્રી બુચ તેમની દલીલમાં ડીલે બાબતે ૧૯ ૮૭(૧) જી.એલ.એચ. (યુ.જે.) પાના નં. ૨ નો ચુકાદો ટાંકે છે તેમજ આ પ્ર કારના કીસ્સામાં અદાલત સ્ટેટસ કો નો હુકમ કરી શકે તે સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ૨૦૧૫(૦) એ.આઈ.જે.ઈ.એલ.(એચ.સી.) પાના નં. ૨૩૪૫૭૪નો ટાંકે છે.

(૬) વાદીએ દાવાના કામે જોડેલ દસ્તાવેજી પુરાવાઓ ખાસ કરીને વેચાણ કરાર અને રેવન્યુ દફતરે હકકપત્રકની નોંધ નં. ૮૯૪ અને ૯૨૧ તેમજ પ્ર તીવાદીઓ તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. વાદીએ હાલની અરજી સીવીલ પ્રોસીજર કોડ કલમ ૧૫૧ નીચે અદાલતને રહેલ સત્તા હેઠળ આપેલ છે. પરંતુ આ વાદીએ દાવાના તમામ પક્ષકારોને જયારે નોટીસ ઈશ્યુ કરવાનો અદાલતે હુકમ કરેલ હોય તે વખતે તેઓને નોટીસ ઈશ્યુ કર્યા બાદ બજવણી કર્યા વગર તેઓ સામે કોઈ હુકમ કરવો ઉચિત જણાતું નથી. વિશેષમાં વાદી તરફે માર્ક– ૩ / ૧ થી રજૂ રજીસ્ટર્ડ વેચાણ કરાર જોવામાં આવે, તો ગુજરનાર હઠુભા હરિયાભાનાં વારસદારોમાં પ્રતિવાદી નં. ૩ / ૧ થી ૩ / ૪ સિવાય એક ડાડુભા હઠુભા પણ હોવાનું જણાઈ આવે છે. જેઓને

વાદીએ દાવાનાં કામે જોડેલ નથી. વળી, વાદી તરફે જ રજૂ માર્ક– ૧૭ / ૧ નાં ગામ નમૂના નં. ૬, હકક પત્રક નોંધ નં. ૯૨૧ માં પણ આ દાદુભા હઠુભા નાયાણીનું નામ જણાઈ આવે છે. વિશેષમાં પ્રતિવાદી નં. ૪, ૫ વાદીનાં કથન મુજબ ફોર્મલ પાર્ટી હોવા છતાં તેઓની બજવણી પણ થયેલ નથી. સિવિલ પ્રોસીજર કોડ– કલમ – ૧૫૧ હેઠળનો મનાઈ હુકમ સબંધેનો સમન્યાયી દાદનો હુકમ દાવાનાં તમામ પક્ષકારોને સાંભળ્યા વગર કરવો ઉચિત જણાતો નથી. જેથી  હાથ પરના કેસની હકીકત અને રેકર્ડ જોઈ એકતરફી વાદગ્રસ્ત જગ્યાની યથાવત પરીસ્થિતી જાળવી રાખવાનો હુકમ કરવો ન્યાયીક જણાતો નથી જેથી આ અરજી મંજુર થવા પાત્ર ન હોય અરજી ન્યાયના વિશાળ હિતમાં રદ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તા. ૦૭ મી, માહે ઓગષ્ટ, સને ૨૦૨૦ નાં રોજ  ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહીં કરીને જાહેર કર્યો.

તા. ૦૭–૦૮–૨૦૨૦
દ્વારકા.

(હિતેશકુમાર ગિરીશભાઈ દામોદ્રા )
પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ
દ્વારકા. જજ કોડ– GJ01005